રાજ્ય સરકારના જાહેર સાહસો/બોર્ડ/કોર્પોરેશનમા કાયમી ધોરણે સમાવિષ્ટ થયેલ કર્મચારીઓના પેન્શનનું પુન:સ્થાપન કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : FD/PTT/e-file/4/2023/2692/P(Pension)
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 10 NOV 2023

વંચાણે લીધા :

૧. નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : પશન/૧૦૨૦૦૮/ડી.૩૫૪/પી , તા.૨૧/૧૧/૨૦૦૯
૨. નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : પશન/૧૦૨૦૦૮/ડી.૩૫૪/પી , તા.૨૭/૦૪/૨૦૧૬
૩. નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : પશન/૧૦૨૦૦૮/ડી.૩૫૪/પી , તા.૦૫/૦૭/૨૦૦૯
૪. નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : પશન/૧૦૨૦૦૮/ડી.૩૫૪/પી , તા.૧૮/૦૭/૨૦૧૯
૫. નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : પશન/૧૦૨૦૦૮/ડી.૩૫૪/પી , તા.૨૧/૦૩/૨૦૨૦
૬. ભારત સરકારનો ઓફીસ મેમોરેન્ડમ નં.૪/૩૪/૨૦૦૨-પી એન્ડ પીડબ્લ્યુ(ડી) વોલ્યુમ.૨ તા. ૨૩/૦૬/૨૦૧૭

પ્રસ્તાવના :

વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૫)થી રાજ્ય સરકારમાંથી જાહેર સાહસો (બોર્ડ, કોર્પોરેશન)માં કાયમી ધોરણે સમાવિષ્ટ થયેલ કર્મચારીઓને ૧૦૦% પેન્શનનું પુન:સ્થાપન(restoration of full pension) કરવા અંગે તા.૦૧/૦૩/૨૦૨૦ ની અસરથી સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં પેન્શનરોને એરીયર્સ મળવાપાત્ર થશે નહી. વંચાણે લીધેલ ક્રમાંક (૬) ના ભારત સરકારના ઓફીસ મેમોરેન્ડમ થી ૧૦૦% પેન્શનનું પુન:સ્થાપન(restoration of full pension) પાત્રતા તારીખથી ચુકવવા ઠરાવેલ છે.

સદર બાબતે ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમ (૬) ના ઓફીસ મેમોરેન્ડમ બાદ રાજ્ય સરકારના કર્મચારી માટે સમાન પ્રકારના લાભો ચુકવવાની રજુઆતો મળેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્ય સરકારના જે કર્મચારીઓ જાહેર હિતમાં જાહેર સાહસો , બોર્ડ નિગમોમાં સમાવિષ્ટ થયેલ છે, તેઓને મુડીકૃત રૂપાંતરણ બાદ પેન્શનનું ૧૦૦% પુન:સ્થાપન મુળ પાત્રતા તારીખથી કરવાનું ઠરાવવામાં આવે છે અને તા.૨૧/૦૩/૨૦૨૦નો ઠરાવ મુળ અસરથી રદ કરવામાં આવે છે.

આ અંગે સંબંધિત વહીવટી વિભાગો હેઠળના સમાન પ્રકારના પેન્શનરોને ૧૦૦% પેન્શનના પુન:સ્થાપનનો લાભ જરૂરી ચકાસણી બાદ આપવાનો રહેશે, તેમજ વધુ ચુકવણી ન થાય તેનું ધ્યાન વહિવટી વિભાગે રાખવાનું રહેશે. તથા ઉક્ત ઠરાવનો સંબંધિતોને લાભ આપતા પહેલા જે તે કર્મચારી દ્વારા કોઈપણ નામ. કોર્ટ ખાતે માંગેલ દાદ પરત લેવાની બાંહેધરી પીટીશનર પાસેથી સંબધિત વિભાગે લેવાની રહેશે.

આ અંગેની અન્ય શરતો અને જોગવાઇઓ વંચાણે લીધેલ તેમજ રાજ્ય સરકાર દ્વારા વખતો વખત પ્રસિધ્ધ કરેલ ઠરાવો, પરિપત્રો અને સૂચનાઓ મુજબની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: DIPAL R HADIYAL
Organization Unit: Finance Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 10-Nov-2023 (03:18 PM)

(દિપલ હડીયલ)
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

નકલ રવાના :

- માન. રાજ્યપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
1. માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
2. માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
3. માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ

4. માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
5. સચિવાલયના સર્વે વિભાગો

- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

1. એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
2. એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ
3. નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર
4. નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર
5. નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર
6. સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે
7. સિલેકટ ફાઇલ પેન્શન સેલ શાખા

- પત્ર દ્વારા

File No: FD/PTT/e-file/4/2023/2692/P(Pension)
Approved By: Arti Kanwar(SECEA,FD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*